ડીપ્લોમા અભ્યાસક્રમોની પ્રવેશ કાર્યવાહીમાં મેરીટ તથા લાયકાત નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૨૧/૭૪૪/સ
સચિવાલય, ગાંધીનગર
તા.૧૬/૧૧/૨૦૨૧

**વંચાણે લીધા :-**

(૧) શિક્ષણ વિભાગનો તા.૨૫/૦૬/૨૦૨૧, ઠરાવ ક્રમાંક:-મશબ-૧૧૧૯-૮૫૭-છ.

(૨) શિક્ષણ વિભાગનો તા.૨૭/૦૮/૨૦૨૧, ઠરાવ ક્રમાંક:-પવશ-૧૦૨૦૨૧-૭૪૪-સ.

(૩) તજજ્ઞ સમિતિનો તા.૧૭/૦૯/૨૦૨૧ નો અહેવાલ

(૪) નિયામકશ્રી ટેકનિકલ શિક્ષણની કચેરીનો પત્ર ક્રમાંક:-સીટીઇ/એકે/એસીપીડીસી/ક/૨૦૨૧/૧૦/૧૦૫૮૩/સ, તા.૨૮-૧૦-૨૦૨૧.

**આમુખ :-**

રાજ્યમાં વિવિધ પ્રોફેશનલ અભ્યાસક્રમોમાં પ્રવેશ અંગેની કાર્યવાહી, ગુજરાત વ્યવસાયિક શિક્ષણ કોલેજ અને સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી ના નિર્ધારણ), એક્ટ ૨૦૦૮ હેઠળ કરવામાં આવે છે. જે અન્વયે ડિપ્લોમા ઈજનેરીમાં પ્રવેશના નિયમોના જાહેરનામાં શિક્ષણ વિભાગ બહાર પાડે છે.

તાજેતરમાં ડિપ્લોમા પ્રોફેશનલ અભ્યાસક્રમોમાં પ્રવેશને સંબંધિત (૧) શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ થી ધોરણ-૧૦ માં બેઝિક ગણિત સાથે પાસ થનાર વિદ્યાર્થીઓને ડિપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ માટે લાયક ગણવા કે નહિ ? (૨) દિવ્યાંગ વિદ્યાર્થીને ખાસ કિસ્સામાં ડિપ્લોમા ઇજનેરીમાં પ્રવેશ માટે લાયક ગણવા અંગે (૩) ધોરણ-૧૦ માં કૃપા ગુણ સાથે ઉત્તિર્ણ થયેલ વિદ્યાર્થીઓને તેઓની માર્કશીટમાં મૂકાયેલ કૃપા ગુણ ને લીધે માર્કશીટમાં "Qualified for secondary school Certificate" લખાયેલ હોઈ, તેઓને પ્રવેશ માટે લાયક ગણવા કે નહીં ? તથા (૪) ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા કરાયેલ રજૂઆત અંતર્ગત માઇનોર અને ઓનર્સ ડીગ્રી આપવા અંગેના સુધારાઓ વિચારાધીન હતાં.

ઉપર્યુક્ત બાબતોને સમગ્ર પરિપ્રેક્ષ્યમાં ધ્યાને લઇને અન્ય અસરો અંગે પુખ્ત વિચારણા અર્થે વંચાણે લીધા ક્રમાંક-૧ પરના તા.૨૭-૦૮-૨૦૨૧ ના ઠરાવથી એક તજજ્ઞ સમિતિનું ગઠન કરવામાં આવ્યુ હતું. આ સમિતિએ ઉક્ત વંચાણે લીધેલા તા.૧૭/૦૯/૨૦૨૧ ના પત્રથી અહેવાલ વિભાગને સુપ્રત કર્યો હતો. આ સમિતિની ભલામણો સ્વીકારવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. સમિતિની ભલામણો પરત્વે પુખ્ત વિચારણાના અંતે આથી નીચે મુજબનો ઠરાવ કરવામાં આવે છે.

**ઠરાવ :**

...કચેરી, સુરત ૮૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો-૧૦ માં પાસ થનાર અને ડિપ્લોમા ઈજનેરી પ્રવેશની લાયકાત ધરાવનાર ઉમેદવારો માટે બન્ને ગણિત એટલે કે ગણિત બેઝિક અને ગણિત-સ્ટાન્ડર્ડ બન્નેને પ્રવેશ વર્ષ ૨૦૨૨-૨૩ થી સમકક્ષ (At par) ગણવાના રહેશે

૨. દિવ્યાંગ વિદ્યાર્થીને ગુજરાત સેકન્ડરી અને હાયર સેકન્ડરી બોર્ડ, ગાંધીનગર દ્વારા ધોરણ-૧૦માં નાપાસ થતા વિષય/વિષયોમાં ૨૦ ગુણ સાથે પાસ જાહેર કરવામાં આવે છે. ડિપ્લોમા પ્રવેશ માટેની દિવ્યાંગ વિદ્યાર્થીઓની ઉપલબ્ધ બેઠકો અને પ્રવેશ મેળવેલ દિવ્યાંગ ઉમેદવારોની છેલ્લાં ત્રણ વર્ષની આંકડાકીય માહિતીનો સમિતિ દ્વારા અભ્યાસ બાદ કરવામાં આવ્યો હતો. સમિતિની ભલામણ અનુસાર કુલપતિશ્રી, ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા AICTE, ન્યુ દિલ્હીને ધોરણ-૧૦ પાસ થતાં દિવ્યાંગ વિદ્યાર્થીને ખાસ કિસ્સામાં ડિપ્લોમા ઇજનેરીમાં પ્રવેશ માટે લાયક ગણવા અને વર્ષ ૨૦૨૨-૨૩ની હેન્ડબુકમાં લાયકાતના ધોરણ તરીકે પ્રદર્શિત કરવા આગ્રહ ભરી વિનંતી કરતો પત્ર લખવાનો રહેશે અને જ્યાં સુધી AICTE, દિલ્હી દ્વારા આ બાબતે સ્પષ્ટતા અને તે પ્રોસેસ હેન્ડબુક ૨૦૨૨-૨૩ માં પ્રદર્શિત ન થાય ત્યાં સુધી આ બાબતે હાલનો નિયમ ૫(૩) યથાવત રાખવાનો રહેશે અને હાલ દિવ્યાંગ ઉમેદવારો માટે જે મુજબ પ્રવેશ લાયકાત અને ગુણવત્તા યાદીની કાર્યવાહી ચાલે છે તે મુજબ જ પ્રવેશ લાયકાત અને ગુણવત્તા યાદીની કાર્યવાહી યથાવત રાખવાની રહેશે.

૩. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના નિયમોનુસાર વિદ્યાર્થીને પાસ કરવા માટે કૃપા ગુણ આપવામાં આવે છે. ખાલી બેઠકોની ઉપલબ્ધિ અને વિદ્યાર્થીઓના બહોળા જાહેર હિતને ધ્યાને લઇ કૃપા ગુણ કુલ ગુણમાં ઉમેરતા ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી સાથે ન્યુનતમ 35 % માર્ક સાથે પાસ થયેલ વિદ્યાર્થીઓને ડિપ્લોમા ઈજનેરીના પ્રથમ વર્ષમાં વર્ષ ૨૦૨૧-૨૨ થી એટલે કે તા.૦૧-૧૧-૨૦૨૧ ની અસરથી પ્રવેશપાત્ર ગણવામાં આવશે.

૪. AICTE, દિલ્હી Process handbook 2021-22 માં અનેક વિવિધ ઇમર્જીંગ એરિયાના અભ્યાસક્રમો દાખલ કરવા ભલામણ કરેલ છે. સરકારી ઈજનેરી કોલેજોમાં સ્નાતક કક્ષાએ માયનોર/ઓનર્સ અભ્યાસક્રમોના અસરકારક અમલીકરણ માટે સરકારી ઇજનેરી સંસ્થાઓએ અભ્યાસક્રમ માટે GTU University માં નિયત નમૂનામાં અરજી કરવાની રહેશે. સંસ્થાઓને આનુષાંગિક યુનિવર્સિટી દ્વારા મંજૂરી આપવાની રહેશે. ઉપલબ્ધ ગ્રાન્ટમાંથી ખર્ચ કરવાની અને ભવિષ્યના ખર્ચના અયોજન માટે બજેટની માંગણી જેવા નિર્ણય સંસ્થાના આચાર્યશ્રી સ્તરે કરવાના રહેશે.

આ ઠરાવ આ વિભાગની સમાનાંકી ફાઈલ પર સરકારશ્રીની તા.૦૮-૧૧-૨૦૨૧ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(મૌલિકા શાહ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ

ક્રમાંક:મઉમશબ/સંશોધન/2021/7004-37
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ.
સેકટર-10 બી. જૂના સચિવાલય પાસે.
ગાંધીનગર. તા.20/11/2021

પ્રતિ.
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી. (તમામ)
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી.
ગુજરાત રાજ્ય.

ઉક્ત ઠરાવની વિગતો આપના તાબાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જાણ તથા જરૂરી કાર્યવાહી કરવા સારું મોકલી આપશો.

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ.
ગાંધીનગર.

ક્ર. નં. મા. શિ/૨૦૨૧/૨૫૩૦૪ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
સુરત. જિ. સુરત
તા ૨૩/૧૧/૨૧

પ્રતિ,
આચાર્યશ્રી
તમામ. મા. ઉ.મા. શાળાઓ.
સુરત. જિ. સુરત

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત જિલ્લો સુરત.